**ભાસ્કર વિશેષ** | થેલિસિમિયાથી પીડાતા લોકોની સહાય માટે શાહીબાગના વરરાજા અને ગોમતીપુરની નવોઢાએ નવી ચીલો ચિતર્યો

# લગ્નની ચોરીમાં નવદંપતીએ બ્લડ સ્ટેમસેલ ડોનેટ કરવાના શપથ લીધા

ધર્મિષ્ઠા પટેલ | અમદાવાદ

થેલિસિમિયા અને રક્ત વિકાર સંબંધિત રોગોની સમસ્યાથી પીડાતા લોકોની સહાયતાની દિશામાં પગલું ભરતા શહેરના એક નવદંપતીએ મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. શાહીબાગ વિસ્તારના વરરાજા અને રાજપુર ગોમતીપુરની નવોઢાએ લગ્નની ચોરીમાં બ્લડ સ્ટેમસેલ ડોનેટ કરવાના શપથ લઈને એક નવો ચીલો ચાતર્યો છે. દર વર્ષે ભારતમાં 10 હજાર બાળકો થેલિસિમિયા સાથે જન્મે છે.

શાહીબાગમાં રહેતા તથા સામાજિક કાર્યકર 26 વર્ષીય દિલીપ ચાવડા તથા 21 વર્ષીય નિકિતા મકવાણા સોમવારે લગ્નગ્રંથિથી જોડાયા. આ નવદંપતીએ લગ્ન મંડપમાં 'બ્લડ સ્ટેમ સેલ' દાતા તરીકે શપથ લીધા હતા. દિલીપભાઈએ જણાવ્યું કે, 'મેં ઘણાં બાળકો જોયા છે જે થેલિસિમિયા મેજર હોય અને જેમણે કુમળી વયે બ્લડ ટ્રાન્સફ્યૂઝન કરાવવું પડતું હોય છે. મને તેમના માટે કંઈક કરવાની ઈચ્છા હતી અને મારા મિત્ર કૃણાલે મને બ્લડ સ્ટેમ સેલના મહત્વ વિશે સમજાવતા મેં નક્કી કર્યું કે હું મારા બ્લડ સ્ટેમ સેલ ડોનેટ કરીશ.' નિકિતાએ જણાવ્યું કે, 'મને દિલીપે ઈચ્છા જણાવી હતી મને પણ લાગ્યું કે મારે પણ આમ કરવું જોઈએ જેથી કોઈની જિંદગી સુધરી શકે છે. એટલે રજિસ્ટ્રેશન કરાવ્યું.'

## અમદાવાદમાં 800 સહિત રાજ્યમાં 26 હજાર રજિસ્ટર્ડ બ્લડ સ્ટેમ સેલ દાતા છે



નવદંપતીએ ચોરીમાં જ બ્લડ સ્ટેમ સેલ ડોનેટ કરવાના શપથ લીધા હતા.

ગુજરાતમાં 26 હજાર રજિસ્ટર્ડ બ્લડ સ્ટેમ સેલ દાતા છે જેમાંથી અમદાવાદમાં 800 બ્લડ સ્ટેમ સેલ ડોનર છે. બે વર્ષમાં 25 ડોનરના બ્લડ સ્ટેમ સેલ મેચ થતા તેમણે દેશના જરૂરિયાત મંદોને આપ્યા છે. બ્લડ સ્ટેમ સેલ થેલિસિમિયા મેજર, સિકલ સેલ એનિમિયા જેવી આનુવંશિક બીમારીઓ તથા લિમ્ફોમાં, લુકેમિયા, એક્યુટ માઈલ લુકેમિયામાં કામ આવે છે. લોહીના વિકારથી પીડાતા લોકોને ડોનરના સ્ટેમ સેલ મળે તો તેમની સાજા થવાની 80 ટકા શક્યતા છે.

### સ્ટેમ સેલ મેચ થાય ત્યારે જ લેવાય છે

અમે મોંઢામાંથી લાળના અને ડ્રાય સેમ્પલ લઈએ છીએ. તે બાદ હ્યુમન લ્યુકાસાઈટ એન્ટિજન (એચએએલ) રિપોર્ટ તૈયાર કરવામાં આવે છે. જ્યારે રજિસ્ટર્ડ ડોનરના સ્ટેમ સેલ કોઈ સાથે મેચ થાય ત્યારે તેમના સ્ટેમ સેલ લેવામાં આવે છે. » **જલ્પા સુખાનંદ**, દાત્રી ઓર્ગેનાઈઝેશન-વેસ્ટર્ન રિજિનલ કો ઓર્ડિનેટર.

**કોણ ડોનર બની શકે** | 18થી 50 વર્ષની ઉંમરના કોઈ પણ વ્યક્તિ જેમને હિપેટાઈટિસ બી કે સી ન થયો હોય અથવા એચઆઈવી ન હોય તેવા લોકો ડોનર બની શકે છે.